D4N3W5

# પ્રકરણ ૬
# રિયાની મુસાફરી

રિયા અને તેની સખી જિયા ખૂબ જ ઉત્સાહિત હતાં. તેઓ ટ્રેનની મુસાફરી (journey-જર્ની)થી વાપી જવાનાં હતાં. વૅકેશન હોવાથી રિયા તેના મામાના ઘરે જતી હતી અને જિયા કુટુંબ સાથે દમણ ફરવા જવાની હતી.

બંને કુટુંબને સાથે જવાનું નક્કી થતાં રિયાના પિતા બંને કુટુંબ માટે પંદર દિવસ પહેલાં જ રેલવેની ટિકિટનું બુકિંગ કરાવી આવ્યા હતા.

તેમની મુસાફરીના માત્ર બે જ દિવસ બાકી હતા ત્યાં જિયા ખૂબ જ બીમાર થઈ. ડૉક્ટરે તેને આરામ કરવા કહ્યું હતું. તેથી જિયાના કુટુંબે તેમની ટિકિટ રદ કરાવવી પડી. બંને સખીઓ ખૂબ દુઃખી હતી, કારણ કે તેઓએ મુસાફરી વખતે શું કરશે તેના કેટલાક આયોજન કર્યાં હતાં. પણ જિયાનું જવાનું બંધ રહેતાં રિયા નિરાશ થઈ હતી.

જિયાએ કહ્યું મને એક યુક્તિ સૂઝે છે. તેણે રિયાને કહ્યું તું નિરાશ ના થઈશ. તું તારી મુસાફરી વિશે બધું એક ડાયરીમાં લખજે અને મોબાઈલમાં ફોટા અને વીડિયો પણ લેજે. તું જ્યારે પાછી આવીશ ત્યારે હું તારી ડાયરી વાંચીશ તથા ફોટા અને વીડિયો પણ જોઈશ.

રિયા તેના ઘરે ગઈ. એક નોટબુક અને પેન શોધીને તેના થેલામાં મૂકી.

## વિચારો અને લખો :

- તમે કયાં કયાં વાહનોમાં મુસાફરી કરી છે ?

_______________________________________________

_______________________________________________

- બીમાર અવસ્થામાં જિયાએ મુસાફરી કરી હોત તો શું મુશ્કેલી પડી હોત ?


_______________________________________________

_______________________________________________

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## રિયાની ડાયરી

૨૮ મે




૨૦:૫૫



આજે પૂનમ (full moon day-ફૂલ મૂન ડે)નો દિવસ હતો. અમે સાંજનું ભોજન કરીને રિક્ષામાં બેસી ગાંધીધામ રેલવે સ્ટેશને પહોંચ્યાં. થોડીકવારમાં ટ્રેન પ્લૅટફૉર્મ પર આવીને ઊભી રહી અમે જોયું તો ટ્રેનમાં મુસાફરો બેઠેલા હતા. ટ્રેન સાંજના ૭ : ૫૦ કલાકે કચ્છ જિલ્લાના મુખ્ય મથક ભૂજથી ચાલી હતી. અમારી ટ્રેનનું નામ 'કચ્છ એક્સપ્રેસ' હતું.

જ્યારે અમે અમારા ડબા પાસે ગયા ત્યારે ખૂબ જ મૂંઝવણ હતી. એક જ દરવાજેથી મુસાફરો ઉતરતા હતા અને બીજા પોતાનો સામાન અંદર મૂકીને ચડતા હતા. થોડું ધક્કા-મુક્કી જેવું જણાતાં પપ્પાએ કહ્યું, ''ટ્રેન અહીં વીસ મિનિટ ઊભી રહેશે એટલે આપણે શાંતિથી ચઢીએ. ઉતાવળ કરશો નહિ.''

અમે અમારા ડબામાં આવી અમારી બેઠક શોધી સામાન યોગ્ય જગ્યાએ ગોઠવીને બેઠાં. સમય થતાં ટ્રેન ઊપડી ત્યાં સુધીમાં મોટાભાગના મુસાફરો પોતાની બેઠક શોધીને બેઠા. મને અને મમ્મીને બારી પાસે બેઠક મળી હતી. પપ્પા અને હિમાક્ષને વચ્ચેની બેઠક મળી હતી. અમારી સાથે બીજું એક કુટુંબ પણ ડબામાં હતું. તે આગળના સ્ટેશનેથી બેઠા હોય તેવું લાગ્યું. તેમની સાથે અમારી ઉંમરનાં બે બાળકો પણ હતા. તેમને બે બેઠક ઉપરની અને બે બેઠક બાજુમાં ઉપર-નીચે મળી હતી.

**શિક્ષક માટે :** શિક્ષકે જરૂર જણાય ત્યાં વિદ્યાર્થીઓને મુસાફરી વખતે રાખવાની સાવચેતી અને ટિકિટનું મહત્ત્વ સમજાવવું.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in



થોડા સમય પછી ટિકિટ તપાસવા ટિકિટચેકર (ticketchecker) આવ્યા. તેમણે અમારી ટિકિટ ચકાસીને ખાતરી કરી કે અમે અમારી યોગ્ય બેઠક પર બેઠા છીએ કે નહિ.

- રિયાના પપ્પાએ ટ્રેનના ડબામાં શાંતિથી ચઢવાનું કેમ કહ્યું હશે ?

- તમે મુસાફરી વખતે ટિકિટ તપાસનારને કેવી રીતે ઓળખશો ?

- ટિકિટ તપાસનાર ટિકિટમાં કઈ વિગતો તપાસીને ખાતરી કરે છે તે તમારા શિક્ષક પાસેથી જાણો.

૨૨:૧૫






અમારી ટ્રેન એકાદ કલાક ચાલી હશે ત્યાં સ્ટેશન આવ્યું અને ટ્રેન ઊભી રહી. મેં બારીમાંથી જોયું તો ત્યાં સામખિયાળી જંક્શન લખેલું હતું. મેં પપ્પાને પૂછ્યું આ સ્ટેશનના



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

નામની પાછળ જંક્શન કેમ લખેલું છે ? પપ્પાએ મને સમજાવ્યું કે, જે રેલવે સ્ટેશનથી આગળ જવા માટે બે કે તેથી વધારે રેલવેમાર્ગ છૂટા પડતા હોય તેવા રેલવે સ્ટેશનને 'જંક્શન' કહેવાય છે. આ સ્ટેશનથી બે રેલવેમાર્ગ છૂટા પડે છે. આપણી ટ્રેન જે માર્ગ પરથી જવાની છે તે અમદાવાદ તરફનો માર્ગ અને બીજો માર્ગ પાલનપુર તરફ જશે.

બે ત્રણ મિનિટ પછી ટ્રેન ઊપડી. આગળ બે માર્ગ છૂટા પડતા હતા તે પપ્પાએ મને બારીમાંથી બતાવ્યું.



ત્યાંથી અમારી ટ્રેન થોડી આગળ નીકળી. મારી નજર બારી બહાર જ હતી. પૂનમના ચંદ્રમાના પ્રકાશમાં ખુલ્લા મેદાનમાં સફેદ ચાદર પાથરી હોય તેવું દૂર દૂર સુધી દેખાતું હતું. પપ્પાએ મને કહ્યું કે આ કચ્છનું નાનું રણ છે અને જે સફેદ ચાદર જેવું દેખાય છે તે જમીન ઉપર જામેલા મીઠાનો થર (layer-લેયર) છે. આ વિસ્તારમાં અગરિયાઓ મીઠાના અગર બનાવીને મીઠું પકવે છે. ત્યાં તો મીઠાના મોટા-મોટા ઢગલા પણ જોવા મળ્યા.

ટ્રેન ઝડપથી આગળ ચાલતી હતી. થોડેક દૂર ચંદ્રમાના આછા પ્રકાશમાં પુલ જેવું દેખાતું હતું. તેના પરથી વાહનોની લાઈટો દેખાતી હતી. અમારી ટ્રેન તે સમયે પુલ પરથી પસાર થઈ રહી હતી. મેં પપ્પાને પૂછ્યું કે આ કયો પુલ છે ? તેમણે કહ્યું, આ 'સૂરજબારી પુલ છે.' જેને કચ્છનું પ્રવેશદ્વાર પણ





**શિક્ષક માટે :** વિદ્યાર્થીઓને રેલવે જંક્શન તેમજ રણ તથા મીઠાની ખેતી બાબતે વધુ માહિતી સમજાવવી.

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

કહેવામાં આવે છે. તેમણે તે પણ કહ્યું કે, જ્યારે આ પુલ ન હતો ત્યારે અમદાવાદ તરફ જતી બધી જ ટ્રેનો પાલનપુર થઈને અમદાવાદ જતી, જેમાં ખૂબ સમય જતો.

મેં તરત પપ્પાને પૂછ્યું, ''આગળ આપણે જે બે રેલમાર્ગ જુદા પડતા જોયા તેમાં પાલનપુર તરફનો માર્ગ હતો ત્યાંથી જ ને !'' પપ્પાએ કહ્યું, ''હા, ત્યાંથી ટ્રેન જતી હતી.''

રાત્રિના અગિયાર વાગ્યા એટલે પપ્પાએ સૂઈ જવા કહ્યું. મમ્મીએ અમને અમારી બેઠક પર ચાદર પાથરી આપી. ડબામાં બીજા મુસાફરો પણ ઊંઘવાની તૈયારી કરતા હતા. ટ્રેનમાં ટૉઈલેટની સગવડ (facility-ફેસિલિટી) પણ હતી. હું મમ્મી સાથે ટૉઈલેટ જઈ આવી અને સૂઈ ગઈ.

- તમે ક્યારેય ટ્રેનની મુસાફરી કરી છે ? જો હા, તો ક્યાંથી ક્યાં સુધી ?

______________________________

______________________________

- ટ્રેનમાં કઈ કઈ સગવડો હોય છે ? તે વિગતે લખો.

______________________________

______________________________

______________________________



મેં ઊંઘવા પ્રયત્ન કર્યો પણ ટ્રેનના અવાજમાં ઊંઘ આવતી ન હતી. અમારા ડબ્બામાં બીજું કુટુંબ હતું. તેમાં મારી ઉંમરની છોકરી હતી. તેને પણ મારી જેમ ઊંઘ આવતી ન હતી. અમે બંનેએ થોડી વાતો કરી. તેનું નામ ફિયોના હતું. તેની પાસે થોડી વાર્તાની ચોપડીઓ હતી. મેં પણ તેની પાસેથી એક


B6Z2C3

**શિક્ષક માટે :** ટ્રેનમાં કઈ કઈ સગવડો હોય છે તેની જાણકારી અને તેનો ઉપયોગ કેવી રીતે કરવો તેની સમજ વિદ્યાર્થીઓને આપવી.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

ચોપડી લઈ વાંચવાનું ચાલુ કર્યું. વાંચતાં-વાંચતાં મને ક્યારે ઊંઘ આવી ગઈ તેની ખબર જ ના પડી.




અચાનક મારી આંખ ઊઘડી ગઈ. બારીમાંથી બહારની લાઇટનો પ્રકાશ આવતો હતો. મેં બેઠા થઈને બારીમાંથી જોયું તો કોઈ મોટું શહેર આવ્યું હોય તેવું લાગતું હતું. ટ્રેન પસાર થઈ રહી હતી. ચારેબાજુ રોશનીથી શહેર સુંદર લાગતું હતું. આવું સુંદર દૃશ્ય મેં મારા ગાંધીધામમાં ક્યારેય જોયું નથી. ચારેબાજુ બહુમાળી મકાનો અને સૂમસામ વાતાવરણમાં ટ્રેન સડકમાર્ગના પુલો નીચેથી, તો ક્યાંક ફાટકવાળા માર્ગ વચ્ચેથી પસાર થઈ રહી હતી. મમ્મીનો મોબાઇલ લઈ મેં રાત્રિના આ સુંદર દૃશ્યો (scenes-સીન્સ)ના ફોટા અને વીડિયો લીધા. જે જોવાની ખૂબ મજા આવશે.




૦૨:૩૫

અમારી ટ્રેન એક મોટા સ્ટેશને આવીને ઊભી રહી. પપ્પા પણ જાગી ગયા હતા. તેમણે કહ્યું કે, અમદાવાદ આવી ગયું. ત્યાં તો વિવિધ વસ્તુઓ વેચનારા ફેરિયાઓના અવાજથી




વાતાવરણ ઘોંઘાટવાળું થઈ ગયું. ‘ચાય ગરમ ચાય’, ‘ગરમા ગરમ ભજિયાં’, ‘પૂરી-શાક’, ‘ઠંડા પાણીની બૉટલ’, ‘વડાપાઉં... વડાપાઉં’, ‘કેળાં, ચીકુ, સફરજન’ જેવા અવાજો સંભળાવા લાગ્યા. પપ્પાએ કહ્યું કે, ટ્રેન અહીં પચીસ મિનિટ ઊભી રહેશે. પપ્પા પાણીની બૉટલ ભરવા નીચે ઊતર્યા. હું પણ તેમની સાથે નીચે ઊતરી.




Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

રિયાની મુસાફરી

X4L9K1



પ્લૅટફૉર્મ પર ખૂબ જ ભીડ હતી. મુસાફરો ફેરિયાઓ પાસેથી ખરીદી કરતા હતા. બીજી ઘણી ટ્રેનો પણ ઊભી હતી. લાલ રંગના કપડાંવાળા માણસો સામાન ઉપાડીને દોડાદોડી કરતા હતા. માઈકમાં જરૂરી સૂચનાઓ આપવામાં આવતી હતી. કેટલાક મુસાફરો પોતાની ટ્રેનની રાહ જોઈને બેઠા હતા. મને તો આ બધું જોવાની ખૂબ જ મજા પડી ગઈ. અમે પણ ફેરિયા પાસેથી કેળાં અને ચીકુ લઈ ડબામાં બેઠાં.



૦૩:૪૫

સમય થતાં ટ્રેન ઊપડી. અમે કેળાં અને ચીકુ ખાધા પછી હું ટૉઈલેટ જઈ આવી. હવે ઊંઘ આવતી ન હતી. મારી પાસે સાપસીડીની રમતનું બૉર્ડ અને રમવાનો પાસો હતો. મેં, હિમાક્ષે અને ફિયોનાએ થોડો સમય સાપસીડીની રમત રમી. એટલામાં નડિયાદ સ્ટેશન આવ્યું જ્યાં ફિયોનાને ઊતરવાનું હતું. ફિયોના અમને આવજો કહી ઊતરી ગઈ પછી હું અને હિમાક્ષ સૂઈ ગયાં.

- તમે ક્યારેય રાત્રિના સમયે રેલમાર્ગે કે સડકમાર્ગે મુસાફરી કરી છે ? તમે તે વખતે રસ્તામાં શું શું જોયું હતું તે વિગતે લખો.

- રિયાએ ચાલુ ટ્રેને અમદાવાદમાં શું શું જોયું તે લખો.

**શિક્ષક માટે :** રેલવે સ્ટેશન પરની સુવિધાઓ, એક પ્લૅટફૉર્મ પરથી બીજા પ્લૅટફૉર્મ પર જવાની વ્યવસ્થા તથા રાખવા જેવી જરૂરી સાવચેતી તેમજ માઈકમાં અપાતી સૂચનાઓ અંગે વિશેષ માહિતી આપવી.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

- તમે મુસાફરી કરતી વખતે સ્ટેશન પરના ફેરિયાઓ (hawkers-હૉકર્સ) પાસેથી ખરીદી કરી છે ? જો હા, તો તેની યાદી તૈયાર કરો.

| | | | | |
|---|---|---|---|---|
| | | | | |
| | | | | |

- અમદાવાદના પ્લૅટફૉર્મ પર રિયાએ શું શું જોયું ?

- અમદાવાદના પ્લૅટફૉર્મ પર રિયાને કયા કયા અવાજો સાંભળવા મળ્યા ?

**શિક્ષક માટે :** બાળકોને વર્ગખંડમાં સાપસીડી, લુડો, અમદાવાદ જેવી રમતો રમાડવી.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in